PAVAN EXPRESS WEEKLY R.N.I. NO. : GUJGUJ/2021/82864
પવનવેગે પ્રસરતા સમાચાર
પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515
Email : pavanexpress2021@gmail.com
સાપ્તાહિક
વર્ષ : ૦૪ ♦ અંક : ૦૬ ♦ તા.૩૦-૦૪-૨૦૨૪ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦
VOLUME : 04 ♦ ISSUE : 06 ♦ DATE:30 -04-2024 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR

### મતદાન જાગૃતિ માટે જિલ્લા વહીવટીતંત્રનો નવતર પ્રયોગ

## જાહેર સ્થળો ઉપર "ચાલો મતદાન કરવા જઈએ" સોંગ પર ડાન્સ કરી યુવાનોએ મતદાનની અપીલ કરી



(માહિતી બ્યુરો,પાલનપુર)

બનાસકાંઠા જિલ્લામાં સ્વીપ અંતર્ગત ગામેગામ અને શહેરમાં મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે આજે પાલનપુર નવા બસ સ્ટેશન અને કલેકટર કચેરી ખાતે ફ્લેશ મોબ અંતર્ગત યુવક યુવતીઓએ સંગીતના તાલે ડાન્સ અને ગરબા ગાતાં ગાતાં લોકોને મતદાન કરવાની અપીલ કરી હતી. મતદાર જાગૃતિના આ નવતર અભિગમે મુસાફર જનતા અને વેપારીઓમાં આકર્ષણ જમાવ્યું હતું.લોકસભા સામાન્ય ચુંટણી અન્વયે આગામી સાતમી મે ના રોજ જિલ્લામાં મતદાન યોજાનાર છે. લોકશાહીના મહાપર્વમાં તમામ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે અને પોતાની સહ ભાગીદારી નોંધાવી શકે તે માટે જિલ્લા વહિવટીતંત્ર મતદાન જાગૃતિ માટે કામ કરી રહ્યું છે. સ્વીપ અંતર્ગત જિલ્લામાં અલગ અલગ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે પાલનપુરના જાહેર સ્થળો ઉપર ફ્લેશ મોબ કાર્યક્રમ યોજાયો હતો.ફ્લેશ મોબ કાર્યક્રમ અંતર્ગત શ્રી શકિત વિદ્યાલય અને અરવિંદ ડાન્સ એકેડમી દ્વારા તૈયાર કરાયેલા ગીત પર યુવક યુવતીઓએ જાહેર સ્થળો પર મતદાન જાગૃતિ માટે ડાન્સ કર્યો હતો. અચાનક જ જાહેર સ્થળો પર યુવક યુવતીઓને મતદાન જાગૃતિ માટે ડાન્સ કરતા જોઈ મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. લોકોએ પણ યુવક યુવતીઓ દ્વારા થતા મતદાન જાગૃતિના કાર્યક્રમને આવકાર્યો હતો અને મતદાન કરવા માટે સંકલ્પબદ્ધ થયા હતા. સાતમી મે ના રોજ જ્યારે જિલ્લામાં લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન થવાનું છે

ત્યારે આજ પ્રકારના ફ્લેશ મોબ કાર્યક્રમ જાહેર સ્થળો પર કરી વધુમાં વધુ લોકો મતદાન કરે એ માટે તંત્ર સતત પ્રયત્નશીલ છે. આ પ્રકારના કાર્યક્રમથી લોકોમાં મતદાન પ્રત્યેની જાગૃતિ વધે એ માટેની આ આગવી પહેલ છે.

### અંબાજી ખાતે બક્ષીપંચ મોરચા દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ પ્રદેશના

## મહામંત્રી રજની પટેલ ના અધ્યક્ષ અને સીટના ભાજપાના મહિલા ઉમેદવાર રેખાબેન ચૌધરી સ્થાને યોજાયો

**ભાજપ કોંગ્રેસના બંને ઉમેદવારો મા અંબા ના ધામમાં, માત્ર ૧૦૦ મીટરના એરિયામાં બંને ઉમેદવારોએ સભા કરી હતી**

અંબાજી

હાલમાં સમગ્ર દેશમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે ગુજરાતમાં પણ આવનારી ૭ મેના રોજ ચૂંટણી યોજનાર છે, ત્યારે ભાજપ કોંગ્રેસના બંને ઉમેદવારો દ્વારા પૂરજોશમાં ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે બનાસકાંઠા સીટના ભાજપા ના મહિલા ઉમેદવાર રેખાબેન ચૌધરી અને પુર્વ ગ્રુહ મંત્રી રજનીભાઈ પટેલ અંબાજી ખાતે આવી પહોચ્યા હતા અને. અંબાજી ખાતે બક્ષીપંચ મોરચા દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ પ્રદેશના



મહામંત્રી રજની પટેલ ના અધ્યક્ષ સ્થાને ભગવતી વાટિકામાં યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા ખાસ કરી ને આ કાર્યક્રમ માં ભાદરવી પુનમે યાત્રીકોને નિશુલ્ક સેવા આપી હતી તેવા રીક્ષા ચાલકો ને શુભેચ્છા આપવામાં આવી હતી આ સ્નેહ મીલન કાર્યક્રમ માં રબારી સમાજ, ભરથરી સમાજ,વણજારા સમાજ,બ્રહ્મ સમાજ સાથે અન્ય સમાજના અગ્રણીએ મોટી સંખ્યા માં ઉપસ્થીત રહ્યા હતા અને ભાજપા ના મહીલા ઉમેદવાર રેખાબેન ને સાફો પહેરાવી તેમજ ભાજપા નો ખેસ પહેરાવી ચુંટણી જીતવા શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે પુર્વ ગ્રુહ રાજય મંત્રી રજનીભાઈ પટેલ એ જણાવ્યુ હતુ આ વખતે ગુજરાતમાં ૨૬ અને રાજસ્થાન માં ૨૫ પુરાપુરી બેઠકો ભાજપા ફરી વાર જંગી બહુમતી થી જીત મેળવશે,ના ભારત આત્મનિર્ભર સાથે વિશ્રૃવ માં ત્રીજી આર્થીક વ્યવસ્થા બનશે






## તંત્રી સ્થાનેથી....

### ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે થયેલો ભડકો ભારતને પણ અમુક અંશે નડી શકે છે

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. માત્ર મિડલ ઈસ્ટ જ નહીં સમગ્ર વિશ્વની નજર હાલમાં આ બે શક્તિશાળી દેશો પર છે. વિશ્વ એક મહાન યુદ્ધ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. તેનાથી ભારત સહિત ઘણા દેશોની ચિંતા વધી ગઈ છે. કારણ કે જો ઈરાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝને રોકશે તો ભારત માટે ક્રૂડ ઓઈલની આયાત કરવી મુશ્કેલ થઈ જશે. તેનાથી તેલ અને એલએનજીની કિંમતોમાં વધારો થઈ શકે છે.ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ પર, વિશ્લેષકો કહે છે કે જો ઈરાન હોર્મુઝની સ્ટ્રેટને અવરોધે તો ક્રૂડ ઓઈલ અને એલએનજીના ભાવ વધી શકે છે. આ સ્ટ્રેટ દ્વારા ભારત જેવા દેશો સાઉદી અરેબિયા, ઈરાક અને યુએઈમાંથી ક્રૂડ ઓઈલની આયાત કરે છે. નોંધનીય છે કે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે તાજેતરના તણાવનો પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી શરૂ થયો હતો જ્યારે ઈઝરાયેલની સેનાએ સીરિયામાં ઈરાની દૂતાવાસ પર બોમ્બમારો કર્યો હતો. આ હુમલામાં ઈરાનના ટોચના કમાન્ડર સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને ઈઝરાયેલની ધરતી પર ૩૦૦થી વધુ ડ્રોન અને મિસાઈલો છોડીને જવાબી કાર્યવાહી કરી હતી. જો કે, અમેરિકા, બ્રિટન અને ઈઝરાયલની સુરક્ષા કવચ આયર્ન ડોમની મદદથી ૯૯ ટકા હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યા હતા. તેના જવાબમાં ઈઝરાયેલે પણ ગુરુવારે રાત્રે ઈરાનમાં વિસ્ફોટ કર્યા હતા. જો કે, આ હુમલાની જવાબદારી ન તો ઈઝરાયલે લીધી છે અને ન તો ખુદ ઈરાને આ હુમલાનો સ્વીકાર કર્યો છે.ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંઘર્ષ બાદક્રૂડ ઓઈલની કિંમતો આસમાને પહોંચી ગઈ છે, ક્રૂડ ઓઈલની કિંમતેંજી ઈ૯૦ પ્રતિ બેરલની આસપાસ પહોંચી ગઈ છે. મમ્મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્શિયલ સર્વિસે જણાવ્યું હતું કે તણાવ ઓછો કરવાના પ્રયાસોથી કટોકટી નિયંત્રણમાં આવવાની શક્યતા છે, જો ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને અવરોધિત કરશે તો તેલ અને એલએનજીના ભાવમાં તીવ્ર વધારો થશે.હોર્મુઝની સ્ટ્રેટ ઓમાન અને ઈરાન વચ્ચે લગભગ ૪૦ કિલોમીટર પહોળી દરિયાઈ પટ્ટી છે. આ માર્ગ દ્વારા સાઉદી અરેબિયા ( ૬૩ લાખ બેરલ પાર્ટી દિવસ),ેંછઈ, કુવૈત, કતાર, ઈરાક (૩૩ લાખ બેરલ પ્રતિ દિવસ) અને ઈરાન (૧૩ લાખ બેરલ પ્રતિ દિવસ) ક્રૂડ ઓઈલની નિકાસ કરે છે. વૈશ્વિક ન્દ્મર વેપારનો લગભગ ૨૦ ટકા તેમાંથી પસાર થાય છે. આમાં કતાર અનેંછઈમાંથી લગભગ તમામ ન્દ્મર નિકાસનો સમાવેશ થાય છે. મોતીલાલ ઓસ્વાલે તેમની ટિપ્પણીમાં જણાવ્યું હતું કે આ લિક્વિફાઈડ નેચરલ ગેસ (ન્દ્મર) માટે કોઈ વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ નથી. ભારત આ માર્ગ દ્વારા સાઉદી અરેબિયા, ઈરાક અને યુએઈમાંથી તેલ તેમજ એલએનજીની આયાત કરે છે.



**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાનઃ જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "**પવન એક્સપ્રેસ**" સાપ્તાહિક

**તંત્રીઃ પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**

(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

હેડ ઓફીસ

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

## શ્રી મગરવાડા તીર્થ ખાતે આયોજિત દીક્ષા મહોત્સવનો ભવ્યાતિભવ્ય દિક્ષા મહોત્સવ નો શુભારંભ

વડગામ ના મગરવાડા તિર્થસ્થાને કુ. મુમુક્ષુરત્ન કશિશ સુરેશકુમારનો ભવ્યાતિભવ્ય દિક્ષા ગ્રહણ સમારોહ નો શુક્રવારે શુભારંભ થયો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શ્રીમતી ફાલુબાઈ અમીચંદજી ઉમાજી શ્રીવંતા સોલંકી પરિવાર સિરોડી-અમદાવાદ-પુના દ્વારા કુ. મુમુક્ષુરત્ન કશિશ સુરેશકુમાર દિક્ષા મહોત્સવ માં વિમલ ગચ્છાધિપતિ અ.ભ.શ્રી પ્રદ્યુમ્નવિમલસૂરીશ્વરજી મ.સા.આદિથાણાકલ્યાણ હાજરી મગરવાડા યાત્રાધામના સ્થાપક પં. વર્તમાન ગાદીપતિ યતિશ્રી વિજય સોમજી મ.સા. કલ્યાણ માતા વનપી.પી. ત્રિલોચનશ્રીજી સ.જીષ.,ૅ.. હર્ષપૂર્ણાશ્રીજી મ.સા. મહાન તપસ્વી રત્ન પી.પી. સંયમપૂર્ણાશ્રીજી મ.સા.પરમ ઉપકારી પી.પી. વિદુષી સા.શ્રી મુક્તિપ્રિયાશ્રીજી મ.સા.કલ્યાણ સંયમ વૃંદાવન સહિત સાધુ ભગવંતો ની વિશેષ ઉપસ્થિત માં મગરવાડા મંદિરે થી ગરવાડા ગામ માં કુ. મુમુક્ષુરત્ન કશિશ સુરેશકુમાર ની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી ઉપરાંત દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયાં હતાં.



## બનાસકાંઠા જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે બરાબરીનો ચૂંટણી જંગ જામ્યો





બનાસકાંઠા જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે બરાબરીનો ચૂંટણી જંગ જામ્યો છે. ત્યારે આજે પાલનપુર ખાતે આવેલી હેલો પોઈન્ટ હોટેલ ખાતે અનુસૂચિત જાતિનો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાલનપુરના ધારાસભ્ય અનિકેતભાઈ ઠાકરે જણાવ્યુ હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા દશ વર્ષમા ભારતને નવી દિશા આપી છે. તેમને ફરીથી ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે દરેક કાર્યકર કમર કસી રહ્યો છે. બનાસકાંઠાને શિક્ષિત મહિલા ઉમેદવાર મળ્યા છે. જે એક કમળ બનાસકાંઠાને તા.૭ ના રોજ મતદાન કરી નરેન્દ્રભાઈને દિલ્હી મોકલવાના છે. જેમા અનુસૂચિત જાતિના પ્રદેશ અદયક્ષ ગૌતમ ગેડિયાએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. ગૌતમ ગેડીયાએ સભાને સંબોધનમાં જણાવ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષ સુધી કોંગ્રેસ એવુ કહે છે કે, દલિતો અમારી વોર્ટ બેન્ક છે, એના વોટ તો અમારા ખીસામાં પાડ્યા છે. કોંગ્રેસ એવું પણ કહે છે કે, બહુ લાબું જવાની જરૂર નથી, મતદાનના આગલા દિવસે જઈશું અને પાનસેર (૫૦૦ ગ્રામ) ચવાણું અને ઓલુ આપીશું તો આ લોકો મત આપી દેશે.

## વડગામ રણછોડજી મંદિર ખાતે ગ્રામસભા યોજાઈ





તાલુકા મથક વડગામ ખાતે આવેલ રણછોડજી મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત પંચતિર્થે મંદિર સંકુલ ખાતે શિવાલય ની પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના આયોજન ની ચર્ચા વિચારણા કરવા મેનેજીંગ ટ્રસ્ટી આર.વી.પટેલ ની અધ્યક્ષતા માં તથા અમૃતભાઈ રાવલ, કાળુજી સોલંકી, માંઘજીભાઈ પટેલ, કેશરભાઈ ઉપલાણા, લક્ષ્મણભાઈ સીરવી સહિત તમામ વડીલો ની પ્રેરક ઉપસ્થિતિમાં ગ્રામસભા યોજાઈ હતી જેમાંસમાજ વાઈઝ ગામ આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. બેઠકમાં આગામી ૧૨,૧૩,૧૪, જુલાઈ ૨૦૨૪ત્રણ દિવસ દરમિયાન ભવ્યાતિભવ્ય કાર્યક્રમો દ્વારા નિલકંઠેશ્વર મહાદેવ મંદિર ની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ની ઉજવણી કરવા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.ડૉ.મહેશભાઈ મેવાડા,ચેલજીભાઈ ઉપલાણા, તેજમાલ સિંહ સોલંકી, પુજારી જગદીશભાઈ રાવલે ગ્રામસભા નું સફળ સંચાલન કર્યુ હતું. પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ના કાર્યક્રમ ને આખરીઓપ આપવા આગામી તારીખ ૧૪/૫/૨૦૨૪ ના સવારે રણછોડજી મંદિર ખાતે ગ્રામસભા નું આયોજન કરવામાં આવ્યું હોવાનું મેનેજીંગ ટ્રસ્ટી આર.વી.પટેલે જણાવ્યું હતું.

મતદાન જાગૃતિ માટે હાથ ધરાયેલ ફ્લેશ મોબ કાર્યક્રમે મતદારોમાં આકર્ષણ જમાવ્યું

# મનોરંજન સાથે મતદાન જાગૃતિનો સંદેશ:-ડીસામાં કઠપૂતળી શો યોજાયો

**લાખણી, ડીસા, ધાનેરા, દિયોદર અને દાંતા સહિતના તાલુકાઓમાં જાહેર સ્થળો પર ફ્લેશ મોબ કાર્યક્રમ દ્વારા મતદાન જાગૃતિ**

(માહિતી બ્યુરો,પાલનપુર)

લોકશાહીના મહાપર્વમાં બનાસકાંઠા જિલ્લાના નાગરિકો પોતાની ભાગીદારી નોધાવી શકે તેમજ જિલ્લામાં મતદાનની ટકાવારી વધે એ હેતુસર સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને સ્વીપ ટીમ દ્વારા જાહેર સ્થળોએ ફ્લેશ મોબ કાર્યક્રમ દ્વારા મતદાર જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.જેના ભાગરૂપે લાખણી, ડીસા , ધાનેરા , દિયોદર અને દાંતા તાલુકાઓમાં જાહેર સ્થળો પર ફ્લેશ મોબ કાર્યક્રમ કરી વધુમાં વધુ લોકો મતદાન કરે એ માટે અપીલ કરાઈ હતી. ડીસામાં ફ્લેશ મોબ કાર્યક્રમ અંતર્ગત કઠપૂતળી શો કરી લોકોને મતદાન કરવા જાગૃત કર્યા હતા. દિયોદર તાલુકાના ચીભડામાં



ગરબા દ્વારા મતદાનનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. જ્યારે ધાનેરામાં બસ સ્ટેશન ખાતે, દાંતા તાલકા સ્વીપ ટીમ દ્વારા યાત્રાધામ અંબાજી ખાતે ફ્લેશ મોબ કાર્યક્રમ યોજી વધુને વધુ લોકો મતદાન કરે તેવો નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. શાળાના બાળકો અને સ્ટાફ ગણના સહયોગથી તાલુકા સ્વીપ ટીમ દ્વારા જિલ્લાભરમાં ફ્લેશ મોબ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમોએ લોકોમાં ભારે આકર્ષણ જગાવ્યું છે. એકત્રિત લોકો મનોરંજન સાથે અવશ્ય મતદાન કરીશું નો સંકલ્પ લઈ રહ્યા છે.

# પાલનપુર સબજેલ ખાતે ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહની ઉજવણી કરવામાં આવી



બનાસકાંઠા ની મુખ્ય સબજેલ ખાતે વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓ મા સડોવાયેલ ચારસો થી વધુ કેદીઓ સબજેલ ખાતે રાખવામાં આવ્યા છે આ કેદીઓ સમાજથી અળગા ન રહે તેમાટે જિલ્લા જેલ પ્રશાસન દ્વારા જેલ ખાતે શિક્ષણ તાલીમ સાસ્કૃતિક આધ્યાત્મક જેવા કાર્ય ક્રમો થકી કેદીઓ ને પુનઃ શિક્ષિત કરવામાં આવે છે જેમા પાલનપુર સબજેલ ખાતે ભારતીય સેવા ટ્રસ્ટ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૨૦ તારીખ થી ૨૬ તારીખ સુધી ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ નું આયોજન કરવામાં આવ્યું છે ને આ ભાગવત સપ્તાહ નાં મુખ્ય વકતા શ્રી કૃષ્ણ મેઘાદાસ બાપુ ઈસ્કોન મંદિર સેમોદ્રા દ્વારા કૃષ્ણ ની ભકિત વિશે કેદીઓ ને જ્ઞાન પીરસવામાં આવ્યું હતું ને આ ભાગવત સપ્તાહમાં આજે ૬ દિવસ ની કથા મોં રૂકમણી અને શ્રી કૃષ્ણ વિવાહ કરવા મોં આવ્યા જેમાં સંસ્થા ના હોદેદારો જેલ અધિકારીઓ અને કેદીઓ રાસ રમી ભાગવત સપ્તાહ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

# ઘાસચારા પાકોમાં કાતરા પ્રકારની જીવાતના ઉપદ્રવ બાબતે ડાયગ્નોસીસ ટીમે સરસ્વતી તાલુકાના ગામડામાં નિરીક્ષણ કર્યું

સરસ્વતીના વાગડોદ અને મોરપા ગામે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્ષિટીના સંશોધન વૈજ્ઞાનિક ડૉ.એફ.કે.ચૌધરી, પ્રાધ્યાપક અને વડા –કીટકશાસ્ત્ર વિભાગ ડૉ. પી.એસ.પટેલે જિલ્લાના વિવિધ અધિકારીઓની ઉપસ્થિતીમાં પાટણમાં ઘાસચારાના રજકો અને ચીકુડી જેવા પાકોમાં જીવાત ચકાસણી અર્થે ફિલ્ડ વીઝીટ કરવામાં આવી હતી.વાગડોદ ગામે રાજપૂત ઉદાજી વેલાજી તથા મોરપા ગામે રબારી મોતીભાઈ બબાભાઈના ખેતરે ડાયગ્નોસીસ ટીમે મુલાકાત લેતાં ઘાસચારાના પાકમાં કાતરા પ્રકારની જીવાતનો ઉપદ્રવ જોવા મળેલ હતો. સ્થાનિક ખેડૂતોને પૂછપરછ કરતાં મોટા ભાગના ખેડૂતો દ્વારા ઘાસચારાના પાકનો પશુઓના ઘાસ માટે ઉપયોગ કરવાનો થતો હોઈ તેઓએ રાસાયણિક દવાઓનો છંટકાવ કરેલ ન હતો.

વૈજ્ઞાનિકઓના જણાવ્યાં અનુસાર આ પ્રકારની જીવાત અગાઉ દીવેલા અને રાઈ પાકમાં પણ જોવા મળેલ હતી. હાલના સમયમાં લીલા પાકના છોડ ઓછા હોઈ હાલમાં ઘાસચારાના પાકમાં આ જીવાત જોવા મળેલ છે. વધુમાં ખેડૂતોને પશુઓના ઘાસ માટેના જીવાત



ઉપદ્રવીત પાકમાં નીમ ઓઈલ (૧૫૦૦ ૅદ્વ) ૭૦ થી ૭૫ મી.લી પ્રતિ ૧૦ લિટર પ્રમાણે છંટકાવ કરવા તથા ખાસ કરીને બિયારણ માટે રાખવાના થતા ઘાસચારાના પાકમાં ક્લોરપાયરીફોસ+સાયપરમેથ્રીન ૧૫ થી ૨૦ મી.લી ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવા તથા તેનો ઉપયોગ ખૂબ જ સાવચેતીપૂર્વક કરવા ખેડૂતોને જણાવ્યું હતું.રાત્રીના સમયે ખેતરમાં બલ્બ ચાલુ રાખી તેની નીચે ટોકરમાં પાણી ભરી તેમાં કેરોસીન મિશ્ર કરી રાખી મૂકવાથી આ જીવાતના ફુદાઓ આકર્ષિત થતાં તેની સંખ્યા નિયંત્રિત કરી શકાય તથા અન્ય આગોતરા પગલાં લેવા પણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.વૈજ્ઞાનિકઓની મુલાકાત દરમિયાન જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.એમ.મેણાત, નાયબ ખેતી નિયામક (વિ) એ.આર.ગામી, તાલીમ સહાયક-વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીથી એમ.એ.તુવર, મદદનીશ ખેતી નિયામક (વિ) એમ.એમ.લિંબાચીયા, વિસ્તરણ અધિકારી જીતેન્દ્રસિંહ સોલંકી, વિસ્તરણ અધિકારી,સરસ્વતી એસ.આઈ ચૌહાણ તથા ગ્રામસેવક વાગડોદ -મોરપા ની સંયુક્ત ટીમ ઉપસ્થિત રહી હતી.

# પાલનપુરમાં રિક્ષા અને કાર વચ્ચે અકસ્માત, ત્રણ ના મોત



પાલનપુર,

બનાસકાંઠાના પાલનપુરથી ગમખ્વાર માર્ગ અકસ્માતની દુર્ઘટના સર્જાઇ હતી, આ અકસ્માતમાં ઓટો રિક્ષા અને કાર વચ્ચે અથડામણ થતાં ત્રણ લોકોના મોત નીપજ્યાં છે. જયારે આ અકસ્માતમાં બે લોકો ઘાયલ થયા છે, ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર,પાલનપુરના માલણ ગામ પાસે કાર અને ઓટો રિક્ષા વચ્ચે જોરદાર ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રિક્ષામાં સવાર દંપતીનું મોત નિપજ્યું હતું. જ્યારે એક બાળક સહિત બે લોકો ઘાયલ થતા સારવાર માટે પાલનપુર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.ઓટો રિક્ષામાં એક દંપતી તેમના બાળક સહિત બે લોકો માલણ ગામ તરફથી પાલનપુર તરફ જઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી કાર સાથે રિક્ષાનો અકસ્માત સર્જાયો હતો. બનાવના પગલે પાલનપુર તાલુકા પોલીસ ઘટના સ્થળ પર દોડી પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રવેશોત્સવમાં પહેલીવાર ૧૪.૫૫ લાખ વિદ્યાર્થીને 'લક્ષ્મીજી' મળશે

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે યોજાતો શાળા પ્રવેશોત્સવ આ વખતે તા. ૨૭થી ૨૯મી જૂન દરમિયાન યોજાશે. આ પ્રવેશોત્સવમાં આ વખતે સરકારે પહેલ કરીને વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપીને શિક્ષણના અધિકાર સાથે સ્કોલરશિપનો પ્રથમ હપ્તો પણ ચૂકવવાનું નક્કી કર્યુ છે. રાજ્ય સરકાર દ્વાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી 'જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપ', 'સેતુ મેરિટ સ્કોલરશિપ અને આ વખતે નવી અમલમાં મુકાયેલી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' સ્કોલરશિપનો પ્રથમ હપ્તો પણ ચૂકવાશે તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.



જેના પરિણામે ૧૪.૫૫ લાખ વિદ્યાર્થીઓને સરસ્વતીના સાથે લક્ષ્મીજી પણ મળશે.સ્કોલરશિપ કયા વિદ્યાર્થીઓને મળે છે?મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપ યોજના ધો. ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે છે.જે વિદ્યાર્થીઓએ સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં ધો. ૧થી ૮માં સળંગ અભ્યાસ કર્યો હોય, આરટીઈ એક્ટમાં પ્રવેશ મેળવીને ધો.૧થી ૮ સુધી અભ્યાસ સ્વનિર્ભર શાળામાં પૂર્ણ કર્યો હોય ઉપરાંત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી એન્ટ્રન્સ ટેસ્ટમાં મેરિટમાં સમાવેશ થયો હોય તેવા વિદ્યાર્થીઓને મળશે. ઉલ્લેખનીય છે કે રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવેશોત્સવ યોજવાનો સત્તાવાર પરિપત્ર કરી દીધો છે.આ વખતે પ્રવેશોત્સવમાં એક નવી પહેલ રાજ્ય સરકાર કરી રહી છે.

# મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં 'મતદાન જાગૃતિ' કાર્યક્રમ યોજાયો

અવસર લોકશાહીનો અંતર્ગત મતદાતાને પોતાના મતની કિંમત સમજાય તે માટેના કાર્યક્રમ મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં યોજવામાં આવ્યો હતો. તેમાં આંગણવાડી કાર્યકર બહેનો, આશા વર્કર બહેનો, શાળાના બી. એલ. ઓ. શિક્ષક ભાઈઓ બહેનો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના બી.એલ.ઓ.રણછોડભાઈ, જયભાઈ,



વિશાલભાઈ, રમેશભાઈ બારડ દ્વારા મતદાન જાગૃતિના સૂત્રો બોલાવ્યા હતા. તેમજ મતદાન શપથ લેવડાવ્યા હતા.

## લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

# જનરલ ઓબ્ઝર્વરશ્રીની અધ્યક્ષતામાં નગરપાલિકા ટાઉનહોલ ખાતે માઈક્રો ઓબ્ઝર્વર્સની તાલીમ યોજાઈ






**ક્રિટીકલ પોલિંગ બુથમાં ચૂંટણી ફરજ માટે કુલ ૪૩૮ માઇક્રો ઓબ્ઝર્વર્સે તાલીમ લીધી**

(માહિતી બ્યુરો, પાલનપુર)

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુરમાં આવેલ નગરપાલિકા ટાઉનહોલ ખાતે જનરલ ઓબ્ઝર્વરશ્રી જફર મલિકની અધ્યક્ષતામાં લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત ભારતના ચુંટણીપંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણી સબંધિત કામગીરી માટે નિયુક્ત થયેલ કુલ ૪૩૮ માઈક્રો ઓબ્ઝર્વર્સની તાલીમ યોજાઈ હતી. આ પ્રસંગે જનરલ ઓબ્ઝર્વરશ્રી જફર મલિકે સર્વે માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કામગીરી કરનારા અધિકારીશ્રીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે મતદાનના દિવસે પોલિંગ બુથ પર માઈક્રો ઓબ્ઝર્વરની કામગીરી મહત્વપુર્ણ બની રહે છે. માઈક્રો ઓબ્ઝર્વરે પોતાને ફાળવવામાં આવેલા મતદાન કેન્દ્રમાં થતી નાનામાં નાની ઘટના તથા ચેકલીસ્ટ પ્રમાણે મતદાનની દરેક પ્રક્રિયા ડિટેલ્સમાં ઓબ્ઝર્વ કરવાની રહેશે. તેમણે જણાવ્યું કે માઈક્રો ઓબ્ઝર્વરે મતદાનના દિવસે પોલિંગ બુથ ઉપર સમગ્ર કામગીરી પર ધ્યાન રાખી પોતાની જવાબદારીઓ સુયોગ્ય રીતે નિભાવવાની રહેશે. આ તાલીમમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી વરૂણકુમાર બરનવાલે જણાવ્યું હતું કે બનાસકાંઠા મતવિસ્તારમાં કુલ ૧૯૬૦ પોલિંગ સ્ટેશન પર મતદાન થવાનું છે ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ન્યાયી, મુક્ત અને શાંતિપૂર્વક મતદાન થાય તે માટે ક્રિટીકલ પોલિંગ સ્ટેશન્સ પર કુલ ૪૩૮ માઈક્રો ઓબ્ઝર્વર્સની ચૂંટણીની કામગીરી માટે નિમણુંક કરવામાં આવી છે. આ માઈક્રો ઓબ્ઝર્વર્સે મતદાનના દિવસે પોલિંગ બુથની સમગ્ર કામગીરી ઉપર દેખરેખ રાખવાની રહેશે તથા તેનો રિપોર્ટ જનરલ ઓબ્ઝર્વરશ્રીને જમા કરાવવાનો રહશે. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર તરીકે ધાનેરા પ્રાંત ઓફિસરશ્રી કલ્પેશ ઉનડકટ દ્વારા માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કામગીરી કરનારા સર્વે અધિકારીશ્રીઓને હાઉસ ટુ હાઉસ વોટિંગ તથા મોક ટેસ્ટ, ઓબ્ઝર્વર રિપોર્ટ, ચેકલીસ્ટ જેવી મતદાનના દિવસે શરૂઆતથી અંત સુધી તેમને કરવાની થતી સમગ્ર કામગીરીની ઝીણવટભરી માહિ?તી આપવામાં આવી હતી. તાલીમના અંતે માઈક્રો ઓબ્ઝર્વર્સના પશ્રોનું સરળ ભાષામાં માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીશ્રી સ્વપ્નિલ સિસલે અને અદિતી વર્સને, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એચ.કે.ગઢવી, પાલનપુરના પ્રાંત અધિકારીશ્રી કમલ ચૌધરી સહિત ચુંટણી પ્રકિયા સાથે જોડાયેલ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજી ખાતે ગેનીબેન ઠાકોરને શ્રીફળ આપી ચુંદડી ઓઢાડીને ચુંદડીની પટ્ટી માથે બાંધી ઉષ્માભર્યું સ્વાગત

અંબાજી,

આગામી લોકસભાની ચૂંટણી ને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોની અંતરિયાળ વિસ્તારોમાં ફિલ્ડિંગ વધી ગઈ છે ત્યારે આજે શક્તિ પીઠ અંબાજી ખાતે માત્ર ૧૦૦ મીટરના અંતરમાં ભાજપ અને કોંગ્રેસ બંને મહિલા ઉમેદવારોની અલગ અલગ સભા યોજાઈ હતી  બનાસકાંઠા કોંગ્રેસના મહિલા ઉમેદવાર ગેનીબેન ઠાકોર છેલ્લા ચાર



દિવસથી સતત દાંતા તાલુકો ખુદી રહ્યા છે ,ત્યારે આજે શક્તિપીઠ અંબાજી ખાતે પહોંચ્યા હતા જ્યાં કાર્યકર્તાઓ ગેનીબેન ને શ્રીફળ આપી ચુંદડી ઓઢાડી ને ચુંદડીની પટ્ટી માથે બાંધી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું  જોકે આજે યોજાયેલી ગેનીબેન ની સભામાં ખૂબ ઓછી માત્રામાં લોકો જોવા મળ્યા હતાઆ સભામાં ગેનીબેન સાથે દાં વિધાનસભા બેઠકના ધારાસભ્ય કાંતિભાઈ ખરાડી તેમજ બનાસકાંઠા સીટના પ્રભારી બળવંતસિંહ રાઠોડ પણ ઉપસ્થિત રહી લોકોને બહુમતીથી. કોંગેસ ને જીતાડવા અપીલ કરી હતી જોકે આજની આ બેઠકમાં લોકસભાના ઉમેદવાર ગેનીબેન ફરી એકવાર પોલીસ ઉપર નિશાન ખાધું હતું અને જણાવ્યું હતું કે ભાજપા ના ઉમેદવાર જેમણે અંબાજી ખાતે બેઠક કરી હતી તેમને પીએમ ને પીએમ જેટલો પોલીસ બંદોબસ્ત કેમ અપાયો? રેખા બેન ને કોનાથી દર લાગી રહ્યો છે? આ બંદોબસ્ત ની જરૂરિયાત નિર્દલીય ઉમેદવારોને આપવાની જરૂરી છે સાથે ગેનીબેન એ જણાવ્યું હતું કે નિર્દલીય જે ઉમેદવારો ચૂંટણી લડે છે તેમનો જીવ જોખમમાં લાગી રહ્યો છે એટલું જ નહીં ભાજપ સામે પ્રહાર કરતાં જણાવ્યું હતું કે ભાજપને વિનાશકાળે વિપરીત બુદ્ધિ થઈ હોય તેઓ કટાક્ષ કર્યો હતો

# માનસરોવર બ્રીજ ઉપર રિક્ષા સામસામે અથડાતા એક યુવાન ગંભીર






પાલનપુરમાં આવેલ માન સરોવર પુલ ઉપર સામસામે રિક્ષા અથડાતા એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો ત્યાં ગંભીરતા જોતા ડોક્ટર હોય તેને પ્રાઈવેટ હોસ્પિટલમાં રેફર કરવાનો કહ્યું હતું અને તેને પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં એડમિટ કરતા ત્યાંથી તેને સારવાર આપી અમદાવાદ રીફર કરવામાં આવ્યો હતો.અત્યારની મળતી માહિતી મુજબ તે અતિ ગંભીર હોય તેને મહેસાણા ને પ્રાઈવેટ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યો છે.

પાલનપુરના પાણીપુરી ન વ્યવસાયથી પોતાના પરિવારનો ગુજરાન ચલાવતા અંદાજે ૨૫ એક વર્ષના યુવાન શિવમ કિશનલાલ મોદી હેઠળ ચામુંડા સોસાયટી મહિલા મંડળ પાસે પાલનપુર અને માન સરોવર બ્રિજ ઉપર રિક્ષામાં જતા સામેથી આવતી રીક્ષા અકસ્માત થતાં ગળામાં વાગે કાચ વાગતા તે વસ્તી ગંભીર રીતે ગયેલ થયો હતા જેને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલ લાવતા ડોક્ટરોએ સારવાર દરમિયાન ગંભીરતા વધુ હોય તેને વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવા કહેલ પરંતુ પરિવારજનોએ પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો અને ત્યાં તેના સારવાર દરમિયાન ડોક્ટરની સૂચના મુજબ અમદાવાદ કરી હતી વધુ જાણકારી મળવા મુજબ તેની ગંભીરતા વધુ હોય દર્દીને મહેસાણાની હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવે છે

# કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીની ગુજરાતનાં પોરબંદર ખાતે ભવ્ય જનસભા



કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહની ગુજરાતનાં પોરબંદર ખાતે ભવ્ય જનસભા. ઈન્ડી ગઠબંધન અને કોંગ્રેસ પર પ્રહાર કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી એ કહ્યું હતું કે, ગુજરાતની જનતા દેશના વિકાસ માટે સ્પષ્ટ વિઝન અને રોડમેપ સાથે કામ કરતી ભાજપાની સાથે મજબૂતાઈથી ઉભી છે. પોરબંદરની જનતાનો જોશ અને ઉત્સાહ બતાવે છે કે તુષ્ટિકરણમાં ડૂબેલી કોંગ્રેસનો પંજો આ વખતે પણ ખાલી જ રહેવાનો છે.

OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 04 ISSUE : 06